| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**–: વ્યવસાય વેરા કરદાતાઓ જોગ :–** |

# જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર કુ.એસ.અપર્ણા (આઈ.એ.એસ.) મ્યુનિસિપલ કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત, નાણાં ખાતુ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૧–૦૪–૨૦૦૮ ના જાહેરનામા નં.(GHN-13)PFT-2008-S.12(1)(17)THથી ગુજરાત રાજય, વ્યાપાર વ્યવસાય, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ મહાનગરપાલિકાના વિસ્તાર માટે સદર કાયદાની જોગવાઈઓના અમલીકરણ માટે વ્યવસાય વેરા કમિશ્નર તરીકે મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે, એનરોલમેન્ટ સર્ટીફીકેટ (ઈ.સી.) કરદાતાઓને વ્યવસાય વેરો ભરપાઈ / ચુકવવા માટે નીચે જણાવેલ ઝોન કચેરી ઉપર કાર્યરત સીટી સીવીક સેન્ટરને વ્યવસાય વેરાની વસુલાત માટે કલેકશન સેન્ટર તરીકે જાહેર કરું છું.

| અ.નં. | ઝોનનું નામ | સીટી સીવીક સેન્ટરનું સરનામું |
|---|---|---|
| (૧) | ઈસ્ટ ઝોન (વરાછા) | ઝોનની કચેરી, ભાતની વાડી, સરદાર ચોક નજીક, વરાછા રોડ,સુરત. |
| (૨) | વેસ્ટ ઝોન (રાંદેર) | નાગરિક સુવિધા કેન્દ્ર, મહાન ટેરેસની સામે, અડાજણ રોડ,સુરત. |
| (૩) | નોર્થ ઝોન (કતારગામ) | ઝોનની કચેરી, મ્યુનિસિપલ શોપીંગ સેન્ટર, ગોતાલાવાડી,સુરત. |
| (૪) | સાઉથ ઝોન (ઉધના) | ઝોનની કચેરી, ઉધના મેઈન રોડ, સત્યનગર સામે, ઉધના,સુરત. |
| (૫) | સેન્ટ્રલ ઝોન (મુગલીસરા) | એસ.એમ.સી.મેઈન ઓફિસ,ન્યુ એનેક્ષી બિલ્ડીંગ, મુગલીસરા, મેઈનરોડ, સુરત. |
| (૬) | સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) | ઝોનની કચેરી, મ્યુનિસિપલ શોપીંગ સેન્ટર, આર્દશ નગર સોસાયટીની સામે, અઠવા લાઈન્સ, સુરત. |
| (૭) | સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) | ઝોનની કચેરી, મોડલ ટાઉનશીપ રોડ, વાટિકા ટાઉનશીપની પાછળ, લીંબાયત, સુરત. |

કામે રાખનાર આર.સી.કરદાતાએ કર્મચારીઓના પગારમાંથી કપાત કરેલ તા.૦૧–૦૪–૦૮ પછીનો વ્યવસાય વેરો ભરપાઈ / ચુકવવા માટે વેચાણવેરા ખાતા તરફથી આપવામાં આવેલ નોંધણી પ્રમાણપત્ર, અગાઉના માસમાં ભરપાઈ કરેલ વ્યવસાય વેરાના ચલણ અને નમુના–૫ ના પત્રક સાથે પ્રોફેશનલ ટેક્ષ, રીકવરી સેલ, રૂમ નં.૭૦, પહેલા માળે, મુગલીસરા, મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ સંપર્ક કરી સુચના પ્રમાણે વ્યવસાય વેરો ભરવાનો રહેશે, તેમજ જે કરદાતાઓએ હજુ સુધી નોંધણી કરાવેલ ન હોય તેઓએ પણ તાકીદે પ્રોફેશનલ ટેક્ષ, રીકવરી સેલનો સંપર્ક કરી લાગત દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી નોંધણી કરાવવાની રહેશે. અન્યથા ધારા ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

નં.પી.આર.ઓ./૫૬/૨૦૦૮–૦૯
તા. ૦૩/૦૫/૨૦૦૮

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા